# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે આજે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલયથી રાજ્યવ્યાપી “વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન”નો પ્રારંભ કરાવ્યો.
2. રાજ્ય સરકારે અધિકારી-કર્મચારીઓ અને પેન્શન ધારકોને P.M.J.A.Y. યોજના હેઠળ લાભ મેળવવા માર્ગદર્શિકા જાહેર કરી.
3. સૌરઊર્જાથી સંપૂર્ણ વીજ માગ પૂર્ણ કરનાર દીવ દેશનો પ્રથમ જિલ્લો બન્યો
4. રાજ્યમાં અલગ અલગ માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત
5. રાજ્યમાં આગામી પાંચ જૂન સુધી વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM KRUSHI ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલય ખાતેથી આજે રાજ્યવ્યાપી "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન"નો પ્રારંભ કરાવ્યો. દરમિયાન શ્રી પટેલે કહ્યું, આ અભિયાન ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશી પ્રોત્સાહનને પૂરું પાડનારું ઉપયોગી પગલું બનશે. તેમજ વિકસિત ભારત 2047 માટેના આ અભિયાનમાં પણ ગુજરાતના ખેડૂતો અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

**(BYTE- BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના ભારતીય કૃષિ સંશોધન પરિષદ-I.C.A.R.ના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા રાજ્ય સહિત દેશભરમાં  આગામી 12 જૂન સુધી આ અભિયાન હાથ ધરાશે.

અભિયાન અંતર્ગત કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે કૃષિ વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ અધિકારીઓની 55 ટુકડી ખેડૂતોને ઘરઆંગણે માર્ગદર્શન પૂરું પાડશે. દરમિયાન આ ટુકડી બે હજાર 951 ગામના ત્રણ લાખ 50 હજારથી વધુ ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે.

----------------

# TAPI FARMER

રાજ્યભરમાં આજથી શરૂ થયેલા વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ કૃષિ વૈજ્ઞાનિકો ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને ખેતીલક્ષી માહિતી પૂરી પાડશે. ત્યારે આ અંગે તાપીના વ્યારા તાલુકાના ખેડૂત જયંતી કોકણીએ આ અભિયાન અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE- JAYANTI KOKANI, FARMER)**

----------------

# GUJ PENSIONERS

આરોગ્ય વિભાગે રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શન ધારકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- P.M.J.A.Y. યોજના હેઠળ લાભ મેળવવા માર્ગદર્શિકા બહાર પાડી છે. તે મુજબ, હવે અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનધારકો અને તેમના પરિવારને લાભ અપાવવા આશ્રિત પરિવારજનોની વિગત દર્શાવતું પ્રમાણપત્ર આપવું પડશે. તેમજ કર્મચારીઓ જ્યાં કાર્યરત્ હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવું પડશે. ઉપરાંત E-KYC કરી શહાય તે હેતુથી પરિવારના દરેક સભ્યનો આધારનંબર પણ દર્શાવવાનો રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, PMJAY- મા યોજના અંતર્ગત ‘જી’ શ્રેણીના કાર્ડ દ્વારા પરિવારદીઠ દસ લાખ રૂપિયા સુધીની કૅશલૅસ સારવાર તમામ કર્મચારીઓને મળવાપાત્ર છે. ઉપરાંત “ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના” સહાય મેળવવા PMJAY યોજનાનું કાર્ડ હોવું જરૂરી છે.

---------------

## PRALHAD JOSHI DIU

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જામંત્રી પ્રહલાદ જોષીએ કેન્દ્રશાસિત પ્રદેશ દીવને નવીનીકરણીય ઊર્જા અપનાવવામાં રાષ્ટ્રીય ઉદાહરણ ગણાવ્યું. તેમણે કહ્યું, ‘દીવની સમગ્ર દિવસની વીજળીની માગ સૌરઊર્જા દ્વારા પૂર્ણ કરાય છે.’ દીવ ખાતે આજે એક ઉચ્ચસ્તરની બેઠકની અધ્યક્ષતા કરતાં શ્રી જોષીએ સૌરઊર્જાથી સંપૂર્ણ વીજળીની માગ પૂર્ણ કરનાર દેશનો પ્રથમ જિલ્લો બનનારા દીવને અભિનંદન પણ પાઠવ્યા.

શ્રી જોષીએ પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના ઝડપી અમલીકરણ માટે પણ હાકલ કરી. ત્યારબાદ શ્રી જોષીએ કુદામ ખાતે આવેલા નવ મેગાવૉટના સૉલારપાર્ક સહિત દીવમાં મુખ્ય સૌરઊર્જા સુવિધાઓની ક્ષેત્ર મુલાકાત લીધી હતી.

---------------

## GUJARAT TB FREE

**રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં ક્ષયના દર્દીઓના મૃત્યુદરમાં પણ 50 ટકાનો ઘટાડો થયો છે. તેમજ વર્ષ 2015ની સાપેક્ષે વર્ષ 2023માં ક્ષયના નવા દર્દીઓમાં 34 ટકા અને તેનાથી થતા મૃત્યુદરમાં 37 ટકાનો ઘટાડો નોંધાયો છે. ક્ષયમુક્ત ભારત અભિયાન હેઠળ કામગીરી બદલ કેન્દ્ર સરકાર દ્વારા**

**ગુજરાતને “સ્ટૅટ્સ વિથ મૉસ્ટ ઇમ્પ્રુવમેન્ટ” શ્રેણીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. સાંભળીએ એક અહેવાલ.**

**(વૉઈસકાસ્ટઃ યશવી મહેતા)**

***(રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં ક્ષયના દર્દીઓના મૃત્યુદરમાં પણ 50 ટકાનો ઘટાડો થયો છે. બીજી તરફ રાજ્યમાં વર્ષ 2022માં એક લાખ 30 હજાર 438, વર્ષ 2023માં એક લાખ 22 હજાર 588 અને વર્ષ 2024માં એક લાખ 24 હજાર 671 ક્ષયના દર્દીઓ સાજા થયા છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ ક્ષયના દર્દીઓને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવીને મૃત્યુદર ઘટાડવા અને સ્વસ્થ ગુજરાત બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું છે.)***

**સમાચાર વિભાગથી યશવી મહેતા, આકાશવાણી, અમદાવાદ)**

----------------

# I KHEDUT PORTAL

રાજ્યમાં બાગાયતી ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ ખેડૂતોને અપાતા સાધનો અને એકમની કંપનીઓએ “આઈ-ખેડૂત 2.0” પૉર્ટલ પર નોંધણી ફરજિયાત કરાવવી પડશે. સંબંધિત કંપનીઓએ જરૂરી દસ્તાવેજ પણ અપલોડ કરવા પડશે, એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, આ પૉર્ટલના માધ્યમથી જ બાગાયત નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા અમલીકૃત સહાય યોજનાઓ હેઠળના મિની ટ્રૅક્ટર મિની રોટાવેટર, મિની ક્લ્ટીવેટર, મિની ટ્રેલર, મિની પાણીનું

ટૅન્કર, વજનકાંટા, પ્લાસ્ટિક ક્રૅટસ, ક્રોપકવર, પ્લાસ્ટિક મલ્ચિંગ તેમજ ગ્રીન હાઉસ, પૉલિ હાઉસ, નેટ હાઉસ, પૉલીટનલ જેવા ઘટકો હેઠળ ખેડૂતોને સહાય અપાય છે.

----------------

## ACCIDENT OVERALL

રાજ્યમાં અલગ અલગ અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા છે.

ભાવનગરમાં એક માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખના પતિ મોડી રાત્રે સિહોરના ગઢુલા નજીકથી પસાર થતા હતા. દરમિયાન સર્જાયેલા અકસ્માતમાં તેમને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ હૉસ્પિટલમાં તેમનું મોત નીપજ્યું હતું.

બીજી તરફ, તાપીના ઉચ્છલ-નિઝર રાજમાર્ગ પર અકસ્માત સર્જાતા બે લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, સરવાળા અને દેવાળા ગામ વચ્ચે બે બાઈક વચ્ચે અકસ્માત થતાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. નીઝર પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી આ અંગે તપાસ હાથ ધરી છે.

સુરતના ઉધના વિસ્તારમાં મહાનગરપાલિકાની કચરાની ગાડીની અડફેટે આવતા 13 વર્ષના બાળકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, આમોદ તાલુકાના તણછા ગામ પાસે આમોદ તરફથી આવતી ST બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા 15થી 20 મુસાફર ઈજાગ્રસ્ત થયા છે. આજે સવારે રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર 64 પર આ ઘટના ઘટી હતી. આ અંગે આમોદ પોલીસે તપાસ હાથ ધરી છે.

તો ઉના-ભાવનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર તાલુકા પંચાયત કચેરી નજીક કાર અને મૉપેડ વચ્ચે અકસ્માત સર્જાતા મૉપેડચાલક ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે.

----------------

## STATE WEATHER

રાજ્યમાં આગામી પાંચ જૂન સુધી વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. જોકે, આવતીકાલથી વરસાદની ગતિ ધીમી પડશે તેવી શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. બીજી તરફ આવતીકાલથી આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં હજી પણ મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ જોવા મળ્યું છે. ગત 24 કલાકમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા હવાઈમથક અને રાજકોટમાં નોંધાયું છે. જ્યારે ભાવનગરમાં 40 અને ભુજ, સુરેન્દ્રનગર, અમદાવાદ તેમજ ડીસામાં મહત્તમ તાપમાન ઓગણચાળીસ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

----------------

## TODAY TRAIN Reschedule

ભાવનગર હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેન આજે ભાવનગર ટર્મિનસ પરથી અઢી કલાક મોડી ઉપડશે. ભાવનગર ટર્મિનસથી ઉપડવાનો ખરો સમય રાત્રે 8 વાગ્યાને 20 મિનિટનો છે જે રિશિડ્યૂલ થયા પછી અઢી કલાક મોડી એટલે કે રાત્રે 10 વાગ્યેને 50 મિનિટે ઉપડશે. યાત્રિકોને આ બાબતનું ધ્યાન રાખી મુસાફરી કરવા અનુરોધ કરાયો છે .

----------------

## PORBANDAR BAL VIVAH

પોરબંદરમાં 181 અભયમ્-ની ટીમે 18 વર્ષથી ઓછી વયની બાળકીનાં બાળલગ્ન થતાં અટકાવ્યાં છે. કુતિયાણા તાલુકામાં માતાપિતા બાળકીની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરાવી રહ્યાં હોવાની જાણ થતાં અભયમ્-ની ટીમે પોલીસ સાથે પહોંચી કાર્યવાહી કરી હતી. આ અંગે અભયમ્-ની ટીમનાં કાઉન્સેલર મીરાં માવદિયાએ માહિતી આપી.

**(BYTE- MIRA MAVADIYA, COUNSELLOR, 181 ABHYAM TEAM)**

----------------

## WEATHER- OVERALL

રાજ્યમાં આજે સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં એક પણ જિલ્લામાં વરસાદ ન થયાના અહેવાલ છે. જોકે, ગઈકાલે કેટલાક જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે, ગત મધરાતથી અનેક જગ્યાએ ભારે પવન સાથે વાવાઝોડું અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો. જિલ્લાના સરસ્વતી, સિદ્ધપુર અને ચાણસ્મા તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ થતાં કેટલાક રસ્તા પર ગાબડાં અને ભૂવા પડ્યા. તેના કારણે વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડી હતી.

બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના લખતરમાં વરસાદના આગમનને જોતા ખેડૂતોએ કપાસના વાવેતરની આગોતરી શરૂઆત કરી દીધી છે.

---------------